**અમદાવાદના મ્હે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજી. સાહેબની કોર્ટ, કોર્ટ નં.ર મું.અમદાવાદ**

**ફોજદારી કેસ નં.૧૯૪૯૯/૧૯**

**આંક.**

ફરીયાદી :– શ્રી સરકાર

**વિરુધ્ધ**

આરોપી :– માલદેવભાઈ છગનભાઈ વાઘેલા

**આરોપઃ– ઈ.પી.કો.કલમ– ૨૮૩ વિગેરે.**

**ઠ રા વ**

૧. આ કામના આરોપી વિરુધ્ધ એલીસબ્રીજ/પાલડી પોલીસ સ્ટેશનમાં ઈ.પી.કો. કલમ – ૨૮૩ મુજબના ગુનાની ફરીયાદ થયેલ, જે સંદર્ભે પોલીસે તપાસને અંતે ચાર્જસીટ રજુ કરેલ છે.

ર. આરોપી કોર્ટમાં હાજર હોય, કેસની નકલો આપવામાં આવેલ છે. આરોપીએ આંક.......... ની ગુન્હા કબુલાત પુરસીસ આપી ગુન્હાની સ્વૈચ્છિક કબુલાત કરેલ છે અને તેની સદરહું ગુના અંગે આંક....થી જવાબ લેવામાં આવેલ છે. આરોપી પોતે ગરીબ માણસ છે, આ પ્રથમ ગુનો અજાણતા થયેલ હોય, દયા કરવા ના.કોર્ટને અરજ કરેલ છે. ગુનાની ગંભીરતા ધ્યાને લેતાં આરોપીને ઓછી સજા કરવી જોઈએ તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે. તેથી આ કેસના તમામ સંજોગો લક્ષમાં લઈ નીચે મુજબનો હુકમ કરુ છું.

**હુ ક મ**

આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–ર૫ર મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૩ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી ગુના બદલ રૂા.૧૦૦/– (અંકે રુપિયા સો પુરા) જો આરોપી દંડ ન ભરે તો તે બદલ દિન–૪ (ચાર) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તા.૯/૩/૨૦૧૯

(એમ.વાય.રાધનપુરવાલા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.ર,અમદાવાદ(કોડ નં.જી.જે.૦૦૭૩૪)